# શહેરમાં ઝરમર ઝરમર વરસાદ

**અષાઢના આગમન ટાણે અંબર ગાજયા પણ મનભરી વરસ્યા નહીં : આકાશમાં ઘટાટોપ વાદળોના ઘેરાવા વચ્ચે વિજચમકારા અને કડાકાથી ગાંધીનગરનુ ગગન ગાજયુ પણ મોડી સાંજ સુધી ગાજયા મેઘ વરસ્યા નહીં**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં આજે બપોર બાદ અચાનક જ વાતવારણમાં બદલાવ જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં ઘટાટોપ વાદળોના ઘેરાવા સાથે સતત વાદળ ગર્જના થઈ હતી. વરસાદી વાયરા સાથે મેઘરાજા ઝાપટુ વરસાવી ભીંજારો કરી ગયા હતા. અષાઢના આગમન ટાંણે વિજચમકારા વચ્ચે અંબર ગાજયા હતા પણ મનભેર વરસ્યા ન હતા. વિજચમકારા, વાદળ ગર્જનાની સાથે ગાંધીનગરનુ ગગન ગાજયુ હતુ પણ મેઘરાજાનો મિજાજ બદલાયો ન હતો. દરવખતની જેમ આ વખતે પણ વરસાદ નગરને તરબતર કરવાના બદલે ભીંજારો કરી અટકી ગયો હતો.

શહેરમાં આજે બપોર સુધી આકાશમાં સુરજદાદાની હાજરી વચ્ચે વરસાદના કોઈ અણસાર ન હતા. દિવસની આકરી ગરમીથી નગરજનો અકળાયા છે જયારે આકરા બફારના લીધે શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા હતા.જયારે બપોર બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં ઘટાટોપ વાદળો ગોરંભાયા હતા. અષાઢના આગમન ટાંણે અષાઢી અંબર ગાજયા હતા. થોડી થોડી વારે વાદળ ગર્જના વચ્ચે વિજકડાકા અને વિજચમકારા વચ્ચે ગાંધીનગરનુ ગગન ગાજતુ રહયુ હતુ. જયારે હમણાં મેઘરાજા મનમુકીને વરસી પડશે તેમ માનતા નગરજનો પણ આનંદમાં આવી ગયા હતા. પરંતુ આકાશમાંથી સતત થતી વાદળ ગર્જનાના અંતે પણ ગાજયા મેઘ વરસ્યા ન હતા જેવી સ્થિતિ સર્જાઈ હતી. મોડી સાંજ સુધી વરસાદી વાયરા વચ્ચે વાતાવરણમાં ભીંજારો જોવા મળ્યો હતો. વરસાદી સાંજ નિખરતા નગરજનોએ દિવસની આકરી ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ મેઘરાજાએ મનભેર વરસવાનુ જાણે માંડી વાળ્યુ હોય તેમ વરસાદ માત્ર છાંટણા વરસાવીને જ અટકી ગયો હતો. સાંજના સમયે વરસાદી વાતાવરણના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ.



# આ સપ્તાહમાં વાવણી લાયક વરસાદના સંકેત

**ચોમાસુ સક્રિય થઈ રહ્યું હોવાના સંકેતો દાંતીવાડા કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિક અને હવામાન ખાતુ પણ આપી રહ્યું છે**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં આગામી સપ્તાહમાં મધ્યમ વરસાદ પડવાની સંભાવનાઓ સાથે ચોમાસુ સક્રિય થશે તેવા સંકેતો સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આપ્યા છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના ૨૯મા પ્રકાશનમાં જણાવ્યા પ્રમાણે ૧૫મી સુધી આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

આ પૂર્વાનુમાનમાં જણાવાયું છે કે તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તમાપન ૨૩-૨૪ ડિગ્રી સે. આસપાસ રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ થી ૯૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. દક્ષિણ-પશ્ચિમ પવનની ગતિ ૧૧ થી ૧૭ કિમી પ્રતિ કલાક રહેવાની સંભાવવા પણ આ પૂર્વાનુમાનમાં દર્શાવવામાં આવી છે.

અતિ ભારે વરસાદ પડવાની સંભાવના હોઈ પાકની કાળજી લેવા તેમજ ખેતરમાં પાણી ભરાઈ ના રહે તેનું ધ્યાન રાખવાની સલાહ પણ ખેડૂતોને આપવામાં આવી છે. વરસાદના પાણીનો ખેત તલાવડીમાં સંગ્રહ કરવા પણ જણાવાયું છે.

પશુપાલકોને પણ ભારે વરસાદ પડવાની સંભાવના હોઈ વરસાદના સમયે પશુઓને સુરક્ષિત જગ્યાએ રાખવા માટે પણ સલાહ આપવામાં આવી છે.

આજ બુલેટીનમાં વાવણીલાયક વરસાદ અને ભારે વરસાદ પડવાની સંભાવનાઓ વચ્ચે ખેડૂતોને કપાસ, મગફળી, બાજરી-મકાઈ, મગ-ગુવાર, ચોળા, શાકભાજીના પાકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ટૂંકમાં જિલ્લામાં આ સપ્તાહથી ચોમાસુ સક્રિય થશે તેવી સંભાનાઓ દર્શાવતા આ બુલેટીનમાં ૧૧ થી ૧૫ના તમામ દિવસોમાં વરસાદ જિલ્લામાં થશે તેમ દર્શાવાયું છે. ભારત સરકારની પણ હવામાન આગાહીમાં જિલ્લામાં મધ્યમ વરસાદના સંકેતો આપવામાં આવ્યા છે.

# જિલ્લામાં વધુ ૩૨૧ તાવના દર્દી મળ્યા

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૨૦૦થી વધુ તાવના દર્દી મળ્યા : ત્રણ હજારથી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન તાવના વધુ ૩૨૧ કેસ મળી આવ્યા છે.

વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે ચોથા તબક્કાના ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ત્રણ દિવસમાં ૧૨૦૦થી વધુ તાવના દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા છે. આજે મળી આવેલા તમામ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને તે ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમો દ્વારા આજે વધુ ૧૨૫૬ સ્થાનોએથી મચ્છરના બ્રિડીંગ શોધી અને ત્યાં પોરાનાશક કામગીરી કરી હતી.

૩ દિવસ દરમ્યાન ૩ હજારથી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા છે. અત્યારે મચ્છર ઉત્પત્તિ માટે સૌથી વધુ અનુકૂળ વાતાવરણ હોઈ આ સર્વેલન્સ સૌથી મહત્વનો પુરવાર આગામી દિવસોમાં થશે.

● અનુસંધાન પાન-૭ પર

# ધારીસણામાં વધુ ૧૧ કેસ મળ્યા

**આરોગ્યતંત્ર ઉંઘતુ ઝડપાયુ હોવાનો પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડનો આક્ષેપ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામે શરૂ થયેલા ઝાડા-ઉલ્ટીના કેસો આજે પણ નીકળતાં તંત્ર બેબાકળુ બન્યુ છે એટલુ જ નહિ આ રોગચાળા માટે રેપિડ રિસ્પોન્સ ટીમ બોલાવવી કે નહિ તેની પણ દ્વિધા અનુભવી રહ્યુ છે.

બીજી તરફ દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે તંત્ર આ રોગચાળામાં ઉંઘતુ ઝડપાયુ હોવાનો ગંભીર આક્ષેપ કરી જણાવ્યુ હતુ કે સોમવારથી શરૂ થયેલા કેસો સામે તંત્ર મોડુ કેમ જાગ્યુ એ સમજાતુ નથી. તેમણે દહેગામને સતત અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની વાતો પણ કરી છે. જો કે જિલ્લાતંત્રએ આજે ગામમાં અપાતા પેયજળના પુરવઠા પર


● અનુસંધાન પાન-૭ પર

# નાના વેપારીઓની રોજી છીનવાઈ વેપાર માટે મંજુરી આપવા કલેકટરને રજુઆત

ગાંધીનગર તા ૧૧

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશના લીધે નાના વેપારીઓની રોજી રોટી છીનવાઈ ગઈ છે. દબાણના લીધે નાના વેપારીની રોજી છીનવાતા પરિવારજનોનુ ભરણ પોષણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ મામલે સે-૨૪ લારી ગલ્લા સંગઠને આજે જિલ્લા કલેકટર કચેરીને આવેદન પત્ર સુપ્રત કરી નાના વેપારીઓને થતી કનડગત દુર કરવા માટે રજુઆત કરી છે.

સે-૨૪ લારી ગલ્લા સંગઠનના વેપારીઓએ જિલ્લા કલેકટરને રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરમાં લારી ગલ્લાના દબાણો દુર કરવાના અભિયાનના અંતે વેપારીઓના વેપાર ધંધા છીનવાઈ ગયા છે. નાના લારી ધારકો સાંજે ૪ થી રાત્રિ સુધી પોતાની લારીના માધ્યમથી રોજીરોટી રળતા હોવાથી હાલ આ લારી ચાલકો માટે પરિવારજનોનુ પરિવારજનો માટે બે ટંકનુ ભોજન મેળવતા આ વેપારીઓની હાલત કફોડી બની છે. પેડલ લારી ગલ્લાવાળાઓની આ દશાને



ભરણપોષણ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. દબાણતંત્ર દ્વારા દબાણો દુર કરાતા વેપારીઓની રોજી છીનવાઈ ગઈ છે. જયારે નાનો વેપાર કરીને પોતાના અને ધ્યાને લઈ તેમના પરિવારજનો માટે પણ વેપાર કરવા માટે મંજુરી આપવામાં આવે તેવી પ્રબળ માંગણી પણ સેકટરના લારી ગલ્લા સંગઠન દ્વારા કરવામાં આવી છે.

# આરટીઓ કચેરીમાં હવે વાહન ડિલરો માટે ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં હવે સંપુર્ણ ઓનલાઈન ચુકવણી કરવી પડશે. વાહન નોંધણી થી માંડી ટેકસની રકમ હવે ડીલરોએ ઓનલાઈન ચુકવવા માટે આર ટી ઓ કક્ષાએથી ડીલરોને સુચના આપી દેવામાં આવી છે. ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી પેપરલેસ હોવાની વાતો થાય છે. પરંતુ રોજબરોજ અરજદારોએ ટેકનિકલ ક્ષતિઓ તેમજ મેનપાવરના અભાવ વચ્ચે અનેક પ્રકારની હાલાકી વેઠવી પડે છે. ત્યારે ઓનલાઈન પેમેન્ટ કરવાનુ ડીલરો માટે પણ સરળ રહેશે.

**આગામી દિવસોમાં ડિમાન્ડ ડ્રાફ્ટથી પેમેન્ટ પણ નહી સ્વીકારવામાં આવે**

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં દુવિધાઓનુ દંગલ છે. કચેરીની મુલાકાતે આવતા અરજદારોએ ડગલે ને

● અનુસંધાન પાન-૭ પર



ફોગીંગ - નવા ગાંધીનગરની બાંધકામ સાઈટ પર મચ્છરોના ઉપદ્રવને નાથવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વ્યાપક પ્રમાણમાં ફોગીંગ કરાયું હતું... બાંધકામ સાઈટ પર પાણી ભરવાના હોજ ઉપરાંત પાર્કીંગ એરીયા કે પાણીના ભરાવાથી જ્યાં ડેન્ગ્યુના બ્રિડીંગ મળવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં મળતા તંત્ર દ્વારા આગોતરા આયોજનના ભાગરૂપે ફોગીંગ અને દવા છંટકાવની કામગીરી આરંભાઈ હતી...

# આજે દુષ્કાળ વ્યવસ્થાપન અંગે તંત્રની ખાસ બેઠક

**૨૦૧૬ જેવી સ્થિતિ ઉભી થઈ રહી છે : ખરીફ વાવણી ઘટી : પાણીની સ્થિતિ પણ વણસે તેવા સંજોગો : જિલ્લામાં વરસાદની ઘટ ૬૦ ટકાને પાર કરતાં તંત્રની ચિંતા વધી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ઘટ ૬૦ ટકાથી પણ વધી રહી છે ત્યારે તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા પણ આજે તાકીદની દુષ્કાળ વ્યવસ્થાપન કમિટીની એક ખાસ બેઠક યોજવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કૃષિ, પાણી પુરવઠા, વન વિભાગ, મહેસુલ સહિતના વિભાગોના અધિકારીઓને હાજર રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં ૨૦૧૬ની સ્થિતિનું પુનરાવર્તન થઈ રહ્યુ હોવાનું જાણકારોનું કહેવુ છે. ૨૦૧૬માં ૪૬ મિ.મિ. સરેરાશ વરસાદ નોંધાયો હતો. આ વખતે જિલ્લામાં લગભગ સરેરાશ ૪૮ મિ.મિ.ની આસપાસ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં જેમાં આગોતરી વાવણી થઈ છે ત્યાં પણ પાકની સ્થિતિનો નાજુક તબક્કો જોવા મળી રહ્યો છે. ખેડૂતો વરસાદી પિયતની રાહ જોઈ રહ્યા છે. જોકે હજુ વરસાદ જોઈએ તેવો નોંધાયો નથી પરિણામે જગતનો તાત પણ ચિંચાતુર બન્યો છે. બીજી તરફ વરસાદ ખેંચાતા પીવાના પાણીની ખેંચ ઉભી થાય તેવી સ્થિતિ ઉભી થવાની સંભાવનાઓ પણ નકારી શકાય નહિ.

પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો પ્રમાણે દહેગામમાં આજે સાંજે ૪ વાગ્યા સુધીમાં ૭૯ મિ.મિ., ગાંધીનગરમાં ૭૦ મિ.મિ., કલોલમાં ૨૮ મિ.મિ. અને માણસામાં ૧૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર


**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
**Regd Office:** GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010 **Tel:** +91-79-23268700
Fax: +91-79-23268506 **Website:** www.gspcgroup.com **Email:** investors.gspl@gspc.in

**NOTICE**

(For the attention of Equity Shareholders of the Company)
Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2010 - 11 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. **www.gspcgroup.com** under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 10th October, 2018, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its **Corporate Office** viz. GSPL Bhavan, E-18 – GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector – 26, Gandhinagar – 382028 Tel.: 079-23268700 Fax No.: 079-23268506 **Email: investors.gspl@gspc.in Website: www.gspcgroup.com** or the Company's Registrar and Share Transfer Agent at M/s Karvy Computershare Private Limited, Karvy Selenium Tower B, Plot 31 - 32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad – 500 032. Tel.: 040-67162222 Fax No.: 040-23001153 **Email: einward.ris@karvy.com Website:www.karvycomputershare.com.**

Place: Gandhinagar
Date: 11th July, 2018

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com